# વિદ્યા વિસ્તાર વર્ષનો ઐતિહાસિક અભિયાનના મંગલાચરણ

## ભાવવિભોર થઈ ઉઠ્યો લોકસમુદાય

**કાનપુર (ઉત્તરપ્રદેશ)**

શુક્લાગંજ ઉપઝોન કાર્યાલય દ્વારા વિદ્યા વિસ્તાર વર્ષના કાર્યક્રમોની શ્રૃંખલા આરંભ કરતાં કાનપુરના સદાનંદ નગર, સલેમપુર તથા મંગલા વિહાર પ્રથમમાં પાંચ કુંડી યજ્ઞ આયોજન રાખવામાં આવ્યું હતું. સંવાદદાતા સુશ્રી શશિ તિવારીના કથન અનુસાર સંયોજક તથા કાર્યક્રમના સંચાલક સૌ આ કાર્યક્રમોમાં ગુરુસત્તાના અનુદાન વર્ષાના અનુભવ કરી રહ્યા હતા. સર્વશ્રી જ્ઞાન પ્રકાશ, મનમોહન તિવારી, સોમદત્ત તથા રાજેન્દ્રસિંહ પટેલની ટોળીએ આ કાર્યક્રમ કરાવ્યો હતો.

સદાનંદ નગરમાં સંસ્કાર કરાવવા વાળાની ધૂમ મચી રહી. સંસ્કાર પ્રક્રિયાથી પ્રભાવિત લોકો યજ્ઞ સમાપ્ત થવા છતાં પણ સંસ્કાર કરાવવા આતુર હતા. તેઓ આગામી કાર્યક્રમોમાં આવ્યા અને સંસ્કાર કરાવ્યા. **એક શ્રદ્ધાળુએ કહ્યું-''આપ લોકો મહાત્મા થઈને ઘર-ઘર, દરવાજે-દરવાજે જાવ છો અને અમારી આંખો હજુ પણ બંદ છે.''** વિદાયની વેળામાં એક બહેન અશ્રુપૂર્ણ થઈને બોલી-**''અમોને કોઈએ બહેન કહીને નથી બોલાવી. આજે આ મિશનના માધ્યમથી મને કેટલા ભાઈ મળી ગયા.''**

સલેમપુરનો કાર્યક્રમ પ્રજ્ઞા મંડળ પટેલ નગરના સૌજન્યથી રાખવામાં આવ્યો હતો. ગામના સરપંચ શ્રી સુંદરલાલ પાલે કહ્યું કે ''અમોએ અમારી ઉંમરમાં આટલો મોટો કાર્યક્રમ પહેલાં ક્યારે જોયો ન હતો.'' **ગામવાળાઓએ કહ્યું-''ગામને મંદિર તો આપ લોકોએ બનાવી દીધું. હવે એમાં મૂર્તિ (જ્ઞાનની) અમારે બેસાડવાની છે.''** સૌને પ્રસાદમાં ગુરુસાહિત્ય ખરીદવાની પ્રેરણા આપવામાં આવી.

મંગલા વિહાર પ્રથમના કાર્યક્રમમાં સર્વોદય બાલિકા વિદ્યાલયના પ્રબંધક-આચાર્યજીએ પોતાના તમામ શિક્ષકો-વિદ્યાર્થીઓને લઈને યજ્ઞમાં આવ્યા હતા. એમાંથી કેટલાક બાળકોએ સ્વતઃ દીક્ષા સંસ્કાર કરાવ્યા. ભાવવિભોર આચાર્ય શ્રી રાજેન્દ્ર કુમાર કુશવાહાએ ગાયત્રી પરિવાર સાથે બાળકોને મળેલા સ્વાગત-સન્માન પ્રત્યે હૃદયથી આભાર વ્યક્ત કર્યો. શ્રી આનંદ સ્વરૂપ વર્માએ તમામ બાળકોને જ્ઞાનપ્રસાદમાં પુસ્તકો ભેટ આપી. શ્રી ગિરજાશંકર તિવારીએ સાહિત્ય સ્ટૉલ લગાવ્યો હતો. ☯

## દીન દયાલ શોધ-સંસ્થાના સહકારથી...

**ચિત્રકુટ-બાંદા**

દીનદયાલ શોધ સંસ્થાના દંપતિ શ્રી અનિલ શુક્લના સંયોજનમાં રાનીપુર ખાકીમાં મોટો આકર્ષક અને પ્રભાવશાળી પાંચ કુંડી યજ્ઞ રાખવામાં આવ્યો હતો. આ ત્રણ દિવસીય ગ્રામીણ યજ્ઞમાં હજારો લોકોએ ભાગ લીધો. ત્રણે ગામોમાં હાથી,ઘોડા, બેન્ડવાજાની સાથે વિશાળ કળશયાત્રાએ ગ્રામ્યજનોનું મન મોહી લીધું.

કાર્યક્રમના સંચાલક શ્રી સત્યદેવ પાંડેજીએ પોતાના સંદેશમાં ગાયત્રી ઉપાસના અને યજ્ઞને મનુષ્યમાં દેવત્વ અને સદ્ભાવના-ના જાગરણનું અભિયાન બતાવ્યું. ગાયત્રી શક્તિપીઠ વ્યવસ્થાપક શ્રી રામનારાયણ ત્રિપાઠીએ સમયના મહત્ત્વને સમજવાની પ્રેરણા આપી. તેમણે કહ્યું કે કુબ્જાએ ભગવાન કૃષ્ણને કેવળ ચંદન જ લગાવ્યું હતું, શબરીએ એઠા બોર જ તો ભગવાનને ખવડાવ્યા હતા, પરંતુ સમયની માંગને સમજીને તેઓ ધન્ય થઈ ગયા હતા.

યજ્ઞમાં લોકોએ દુર્ગુણો છોડ્યા. ડી.આઈ.ઈ.ના ઉપાધ્યક્ષે ગામમાં આ પ્રકારના આધ્યાત્મિક જાગરણની આવશ્યકતા બતાવી, જેથી લોકોમાં વ્યસનોને છોડી શ્રેષ્ઠ કાર્ય કરવાનું સાહસ વિકસિત થઈ શકે.☯

## રચનાત્મક આંદોલન પ્રધાન દીપયજ્ઞોની શૃંખલા

**રાઠ-હમીરપુર (ઉત્તર પ્રદેશ)**

ગાયત્રી શક્તિપીઠ રાઠ પર મહિલા મંડળ દ્વારા સ્વાવલંબન, સાધના, પર્યાવરણ, સ્વાસ્થ્ય, વ્યસન મુક્તિ તથા મહિલા જાગરણ પ્રધાન દીપયજ્ઞોની શૃંખલા તા-૧ ઓક્ટોમ્બર-થી આરંભ કરવામાં આવી. આ કાર્યક્રમ મહોલ્લે-મહોલ્લે રાખવામાં આવી રહ્યા છે, જેમાં બહેનો દ્વારા અત્યારના સમયમાં દુર્બુદ્ધિથી થઈ રહેલ વ્યાપક ઉથલ-પાથલથી દુર્ગતિને રોકીને સર્જનાત્મક કાર્યોમાં જન-જનની ભાગીદારી માટે આવાહન કરવામાં આવે છે. ગાયત્રી શક્તિપીઠ સ્થળ પર તા-૭ ઓક્ટોમ્બરના દિવસે એક સ્વાવલંબન દીપયજ્ઞ રાખવામાં આવ્યો હતો, જેમાં ડૉ.શ્રી રામસિંહે (પરિવ્રાજક) પરમ પૂજ્ય ગુરુદેવના 'ગામડાઓ તરફ પાછા ફરો' અભિયાન, સ્વદેશી આંદોલન તથા ઘર-ઘર કુટીર ઉદ્યોગોને વિકસિત કરવાના ઉપાય બતાવ્યા. રચનાત્મક દીપયજ્ઞોની શૃંખલામાં અત્યાર સુધી અતરૌલિયાના ઓરિયા બાલ મંદિર, શીતલા મંદિર પ્રાંગણ, અંબેડકર નગરમાં પણ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. મહિલા મંડળની બહેનોમાં શ્રીમતી રામક્ષમા, રાની ગુપ્તા, વિમલા ગુપ્તા, બેંટીકુંવર, રાની સોની વગેરે સક્રિય રહી.

એ જ ક્રમમાં ગાયત્રી શક્તિપીઠ પર ત્રિમાસિક સ્વાવલંબન કાર્યક્રમ તા-૧ ઓગસ્ટથી સંચાલિત કરવામાં આવી રહ્યો છે, જેમાં ૫૦ની સંખ્યામાં કન્યાઓ તથા મહિલાઓને સિલાઈ-બુનાઈ, કઢાઈની તાલીમ શ્રીમતી કલાવતી બહેન (બનારસ) આપી રહી છે. ☯

## સદ્જ્ઞાનને શિરોધાર્ય કરતો સમાજ

**બદાયૂઁ (ઉત્તર પ્રદેશ)**

તા-૧ ઓક્ટોમ્બર-૦૭થી બદાયૂઁ જિલ્લામાં અઢી દિવસીય વિદ્યા વિસ્તાર કાર્યક્રમોની શ્રૃંખલા આરંભ કરવામાં આવી. પહેલો કાર્યક્રમ શહેરની આવાસ-વિકાસ કૉલોનીમાં ૧ થી ૩ ઓક્ટોમ્બરની તારીખોમાં રાખવામાં આવ્યો હતો. જેમાં સૈંકડોની સંખ્યામાં ભાઈ-બહેનોએ યુગઋષિનો સંદેશ સાંભળી કાર્યક્રમને આશાતીત સફળતા અપાવી હતી. એની કળશ યાત્રામાં ૨૪ કન્યાઓ માથા પર કળશ ધારણ કરી તથા ૨૪ બાળકોએ વેદોનું પ્રતિક વાંગ્મય શિરોધાર્ય કરી સામેલ થયા હતા.

બદાયુઁ જિલ્લાની શારદીય શ્રૃંખલામાં અઢી દિવસીય પાંચ કુંડી યજ્ઞના કુલ ૨૦૦ કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. એમાં પ્રજ્ઞા મંડળ, યુવા મંડળ, મહિલા મંડળ, સંસ્કૃતિ મંડળોની રચના પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ☯



વિદ્યાર્થીઓ પોતાના માથા પર પ્રજ્ઞા પુરાણ ગ્રંથ ધારણ કરી કળશયાત્રામાં સામેલ થયા

## ગાયત્રીમય બની ગયું નૈમિષારણ્ય

**બિસવાઁ-સીતાપુર (ઉત્તર પ્રદેશ)**

તા-૧,૨,૩ નવેમ્બરના દિવસે બિસવાઁ ગાયત્રી વિદ્યાપીઠનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ સંચાલનના માટે શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી કપિલ કેશરીજી, શ્રી બૃજકિશોર ત્રિભુવન, શ્રી રમેશ તિવારીની ટોળી પહોંચી હતી. તેમણે આ કાર્યક્રમના માધ્યમથી આખા નૈમિષારણ્ય વિસ્તારને ગાયત્રીમય બનાવી દીધો. શ્રી કપિલજીએ પોતાના ઉદ્બોધનમાં ગાયત્રી, ગંગા અને ગાયના મહત્ત્વ પર વિસ્તારથી પ્રકાશ ફેંક્યો. સીતાપુરના ધારાસભ્ય શ્રી રાજેશ કુમાર વર્માએ ગાયત્રી શક્તિપીઠ પર પુસ્તકાલયનું લોકાર્પણ કર્યું.

બિસવાઁના વાર્ષિકોત્સવમાં આખા જિલ્લાના શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ, ચરણ પીઠોના કાર્યકર્તાઓની બેઠક રાખવામાં આવી હતી. જેમાં શાંતિકુંજમાં શક્તિપીઠ પ્રકોષ્ઠના કન્વીનર શ્રી કપિલ કેશરીજીએ એક-એક પીઠની સમીક્ષા કરતાં એમને સમયની માંગની અનુરૂપ વિકસિત કરવા માટે જરૂરી સલાહ-સૂચન કર્યું. કાર્યક્રમમાં પત્રકાર વાર્તામાં મીડિયાકર્મી પણ ગાયત્રી પરિવારની વિચાર ધારાથી ખુબ પ્રભાવિત હતા અને તેમણે આ વિચારોને જન-જન સુધી પહોંચાડવામાં ભરપુર સહયોગ આપ્યો. પરિવ્રાજક શ્રી રામ સાગરના કથન અનુસાર આ કાર્યક્રમમાં ૩૧ દીક્ષા સહિત વિવિધ સંસ્કાર સંપન્ન થયા હતા. ☯



પ્રજ્ઞા પુરાણ કથા કરી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી કપિલજી

## વિદ્યા વિસ્તાર વર્ષના નિર્ધારણ અને સંકલ્પ

**જમાલપુર-મુંગેર (બિહાર)**

ગાયત્રી શક્તિપીઠ જમાલપુર પર તા-૧૪ નવેમ્બરના દિવસે શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી રમાકાંત પંડિત અને શ્રી સંતોષ કુમાર સુમનની વિશેષ ઉપસ્થિતિમાં ઉપઝોન કક્ષાએ બેઠક રાખવામાં આવી હતી. એમાં વિદ્યા વિસ્તાર વર્ષના કાર્યક્રમોની શ્રૃંખલામાં સંકળાયેલ જિલ્લાઓમાં મુંગેરમાં ૭૫, બાંકામાં ૭૦ તથા ભાગલપુરમાં ૧૦૮ સ્થાનો પર પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞનોના આયોજન વિશે જાણકારી આપવામાં આવી. આ અવસર પર દરેક ગામને મિશનની ત્રણે પત્રિકાઓ સાથે જોડવા સંકલ્પ લેવામાં આવ્યા. ઉપઝોન પ્રતિનિધિ શ્રી અનિલ તિવારીએ ૧૫,૧૬ તથા ૧૭ ફેબ્રુઆરી-૨૦૦૮ ની તારીખોમાં ત્યાં યોજાવા જઈ રહેલ ઝોનલ કાર્યકર્તાઓની કાર્યશાળાની સંબંધમાં પરિજનોને જાણકારી આપી. જનશતાબ્દી વર્ષ-૨૦૧૧ સુધી પ્રત્યેક ગામમાં મિશનના વિસ્તાર તથા સપ્ત આંદોલનોને અમલમાં મુકવાના સંદર્ભમાં પણ ચર્ચા થઈ. ☯

## નિરાધાર છોકરીને સહારો આપ્યો

**સીકર (રાજસ્થાન)** સીકર જિલ્લાના વરિષ્ઠ પરિજન શ્રી સંતલાલ કૌશિકના પાવન પ્રયત્નોથી કસ્તુબા સેવા સંસ્થામાં પાલન-પોષણ કરવામાં આવેલ એક નિરાધાર બાળાને હાથ પીળા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સંસ્થાની મહામંત્રી સુશ્રી સુમિત્રા શર્માના જણાવ્યા અનુસાર બબીતા નામની આ બાળાને પોતાની જાતિ, વર્ણ, ધર્મ વગેરેની કોઈ જાણકારી ન હતી. એવામાં એના માટે સુયોગ્ય વર શોધવો એક કઠીન કાર્ય હતું, પરંતુ શ્રી કૌશિકજીના પ્રયત્નોથી ઝૂંઝનૂ જિલ્લાના ટાઈ ગામના નિવાસી ચિ.મહાવીર પ્રસાદ ગુર્જરે તેની સાથે લગ્ન કરવાનું સાહસ કર્યું. પૂરી તપાસ કરાવ્યા બાદ કાયદાકીય પ્રક્રિયા પૂરી કર્યા પછી દેવઉઠી અગિયારના દિવસે ગાયત્રી શક્તિપીઠના પવિત્ર પ્રાંગણમાં વિવાહ સંસ્કાર સંપન્ન થયા. આ અવસર પર આ દમ્પત્તિને અનેક સમાજસેવી તથા ગણમાન્યોએ પોતાના શુભાશીષ અને મંગલ ઉપહાર ભેટ આપ્યા. સ્થાનીય મીડિયાએ પણ આ પ્રગતિશીલ પહેલનો પૂરેપૂરૂ સન્માન કરી એના સમાચાર પ્રકાશિત કર્યા હતા.◉

## દરેક ક્ષેત્રમાં મળી રહેલ શાનદાર સફળતા

**જતારા-ટીકમગઢ (મધ્યપ્રદેશ)**

ટાનગા ગ્રામ (જતારા) માં આવેલ ગાયત્રી ચરણપીઠ પર ૧૧ થી ૧૪ નવેમ્બરની તારીખોમાં યોજાયેલો વિદ્યા વિસ્તાર ગાયત્રી મહાયજ્ઞ પોતાના ઈચ્છિત ઉદ્દશ્યોની પૂર્તિમાં પૂરી રીતે સફળ રહ્યો. આ મહાયજ્ઞની ઉપલબ્ધિઓ નીચે મુજબ છે:-

➢૫૧ વિદ્યા વિસ્તાર સેટોની સ્થાપના.

➢૨૪ સાધકો દ્વારા બે-બે વૃક્ષ લગાવવાનો સંકલ્પ. ૧૦૮ લોકોએ ગાયત્રી દીક્ષા લીધી. ૮ મુંડન, ૧૦ પુંસવન તથા ૨૮ વિદ્યારંભ સંસ્કાર પણ થયા.

આ કાર્યક્રમ ઉપઝોન પ્રતિનિધિ શ્રી આર. કે. દ્વિવેદીની ટોળીએ સંપન્ન કરાવ્યો. પ્રયાજ ક્રમમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ ગાયત્રી મંત્રલેખન સાધના તથા મોટી સંખ્યામાં લોકોએ લઘુ અનુષ્ઠાન કર્યા. કાર્યક્રમના પ્રથમ દિવસે અખંડ જાપ રાખવામાં આવ્યા. ટાનગા ગામના સરપંચ સહિત ગ્રામીણોનો સુંદર સહયોગ રહ્યો. ☯

**રસ દૃષ્ટિને આકર્ષિત કરે છે, પરંતુ ગુણ આત્માને જીતી લે છે-પોપ**